**Gujarat Metro Rail Corporation (GMRC) Ltd.** **તારીખ : ૧૬.૦૫.૨૦૨૬**

## પ્રેસ નોટ

માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં ફ્યુઅલ સેવિંગ માટે મેટ્રો સહિત જાહેર પરિવહન સેવાનો મહત્તમ ઉપયોગ કરવાની અપીલ કરી છે. આ અપીલનો પ્રતિસાદ આપતા માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ કેબિનેટમાં મેટ્રો સેવાઓ રાત્રે ૧૧ વાગ્યા સુધી કાર્યરત રાખવાનું નક્કી કરેલ છે, તે ધ્યાને લઈને GMRC દ્વારા મેટ્રો સેવાઓનો સમય નીચે મુજબની વિગત પ્રમાણે સોમવાર (તા.૧૮.૦૫.૨૦૨૬) ના રોજથી લંબાવેલ છે.

**પૂર્વ-પશ્ચિમ કોરિડોર:**

- વસ્ત્રાલગામથી અત્યારે છેલ્લી ટ્રેન રાત્રિના ૧૦ કલાકે ઊપડતી હોય છે જે લંબાવીને હવે છેલ્લી ટ્રેન રાત્રિના ૧૧ કલાકે ઉપડશે જે અન્વયે વધારાની ૩ સર્વિસ રાત્રે ૧૦:૨૦, ૧૦:૪૦ અને ૧૧ કલાકે વસ્ત્રાલગામ થી ઉપડીને થલતેજ ગામ જશે.
- તે જ રીતે, થલતેજ ગામથી છેલ્લી ટ્રેન રાત્રે ૧૦ કલાકે ઊપડતી હતી જે લંબાવીને હવે છેલ્લી ટ્રેન રાત્રિના ૧૧ કલાકે ઉપડશે જે અન્વયે વધારાની ૩ સર્વિસ રાત્રે ૧૦:૨૦, ૧૦:૪૦ અને ૧૧ કલાકે થલતેજ ગામથી ઉપડીને વસ્ત્રાલગામ જશે.

**ઉત્તર-દક્ષિણ કોરિડોર:**

- એપીએમસી થી અત્યારે છેલ્લી ટ્રેન રાત્રિના ૧૦:૧૦ કલાકે ઊપડતી હોય છે જે લંબાવીને હવે છેલ્લી ટ્રેન રાત્રિના ૧૧:૧૦ કલાકે ઉપડશે જે અન્વયે વધારાની ૩ સર્વિસ રાત્રે ૧૦:૩૦, ૧૦:૫૦ અને ૧૧:૧૦ કલાકે એપીએમસીથી ઉપડીને કોટેશ્વર સુધી જશે.
- તે જ રીતે, કોટેશ્વરથી છેલ્લી ટ્રેન રાત્રે ૧૦:૦૫ કલાકે ઊપડતી હતી જે લંબાવીને હવે છેલ્લી ટ્રેન રાત્રિના ૧૧ કલાકે ઉપડશે જે અન્વયે વધારાની ૩ સર્વિસ રાત્રે ૧૦:૨૦, ૧૦:૪૦ અને ૧૧ કલાકે કોટેશ્વરથી ઉપડીને એપીએમસી સુધી જશે.
- તે જ રીતે, કોટેશ્વરથી મહાત્મા મંદિર, ગાંધીનગર જતી છેલ્લી ટ્રેન રાત્રે ૦૭:૪૩ કલાકે ઊપડતી હતી જે લંબાવીને હવે છેલ્લી ટ્રેન રાત્રિના ૯:૨૦ કલાકે ઉપડશે જે અન્વયે વધારાની ૨ સર્વિસ રાત્રે ૮.૧૭ અને ૯:૨૦ કલાકે કોટેશ્વરથી ઉપડીને મહાત્મા મંદિર સુધી જશે.
- તે જ રીતે, મહાત્મા મંદિરથી કોટેશ્વર જતી છેલ્લી ટ્રેન રાત્રે ૦૮:૦૯ કલાકે ઊપડતી હતી જે લંબાવીને હવે છેલ્લી ટ્રેન રાત્રિના ૯ કલાકે ઉપડશે જે મહાત્મા મંદિરથી ઉપડીને કોટેશ્વર થઈને એપીએમસી સુધી જશે.

મેટ્રો સર્વિસનું ડિટેલ્ડ ટાઇમ ટેબલ ગુજરાત મેટ્રો રેલની વેબસાઇટ (https://www.gujaratmetrorail.com) પર મૂકવામાં આવેલ છે.

મેટ્રો એક સલામત, વિશ્વનીય, આરામદાયક અને ગ્રીન પરિવહન છે, જેથી મેટ્રો સેવાઓનો મહત્તમ ઉપયોગ કરવા માટે ગુજરાત મેટ્રો રેલ કંપની અપીલ કરે છે.